**<u>જાહેરનામું</u>**

**પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/ ૧૦ /૨૦૧૭,**
**તા. ૨૭/૦૩/૨૦૧૭**

હું, એ.કે.સિંઘ IPS, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ (૧૯૫૧ ના કાયદા નંબર ૨૨) ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૯૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં તા.૨૯/૦૩/૨૦૧૭ ના રોજ રીવરફ્રન્ટ એન.આઇ.ડી. પાછળ ભાજપા વિજયોત્સવ કાર્યક્રમ અનુસંધાને ટ્રાફીક સુચારુ રીતે ચાલે અને ટ્રાફીકની કોઇ સમસ્યા ઉદભવે નહી તે હેતુસર નીચે મુજબનો રસ્તો બંધ કરવા/ડાયવર્ઝન કરવા નીચે મુજબનો હુકમ કરૂ છું.

**<u>હુકમ</u> :-**

અમદાવાદ શહેરમાં તા.૨૯/૦૩/૨૦૧૭ ના રોજ રીવરફ્રન્ટ એન.આઇ.ડી. પાછળ ભાજપા વિજયોત્સવ કાર્યક્રમ યોજવામાં આવનાર છે અને તેમાં મોટી સંખ્યામાં માનવ મહેરામણ ઉપસ્થિત રહેનાર હોઇ જેથી ટ્રાફીક વ્યવસ્થા અને કાયદો અને વ્યવસ્થાની જાળવણીનાં હેતુસર તા.૨૯/૦૩/૨૦૧૭ ના રોજ કલાક ૧૨.૦૦ થી ૨૧.૦૦ સુધીનાં સમયગાળા દરમ્યાન નીચે મુજબનો માર્ગ તમામ પ્રકારનાં વાહનોની અવર-જવર માટે બંધ કરવામાં આવે છે.

**<u>બંધ રહેવાનો રૂટ</u>** : વિશ્વકુંજ ચાર રસ્તા પાલડી રીવરફ્રન્ટથી એન.આઇ.ડી. પાછળ રીવરફ્રન્ટ રોડ થઇ વલ્લભસદન રીવરફ્રન્ટ રોડ થઇ ઉસ્માનપુરા રીવરફ્રન્ટ ગાર્ડન થઇ વાડજ સ્મશાન ગૃહ સુધીનો રીવરફ્રન્ટ માર્ગ તમામ પ્રકારનાં વાહન વ્યવહાર માટે બંધ રહેશે.

**આ રીવરફ્રન્ટ રોડ ઉપર આવતાં નીચે જણાવેલ પોઇન્ટો ખાતેથી કોઇપણ પ્રકારનાં વાહનો રીવરફ્રન્ટ રોડ ઉપર આવ-જા કરી શકશે નહી.**

**૧)** વિશ્વકુંજ ચાર રસ્તા થી એન.આઇ.ડી. રીવરફ્રન્ટ તરફનાં નાકા
**૨)** રીવરફ્રન્ટ પો.સ્ટે. તરફ આવતાં એન.આઇ.ડી. ચાર રસ્તાનાં બન્ને સર્વિસ રોડનાં નાકા
**૩)** કર્ણાવટી હોસ્પીટલ (હરિહરાનંદ આશ્રમ) તરફના નાકા
**૪)** ડીલાઇટ ચાર રસ્તા થી વલ્લભસદન રીવરફ્રન્ટ તરફના નાકા
**૫)** બુટાસિંગ મહાદેવથી ગુજરાત સાહીત્ય પરિષદ રીવરફ્રન્ટ તરફના નાકા
**૬)** અજંટા કોર્મશીયલ સેન્ટર નાકાથી ઉસ્માનપુરા રીવરફ્રન્ટ ગાર્ડન તરફના નાકા
**૭)** દર્પણ એકેડમી તરફથી ઉસ્માનપુરા રીવરફ્રન્ટ વળાંક તરફનાં નાકા
**૮)** વાડજ સ્મશાન ગૃહ કટથી ઉસ્માનપુરા રીવરફ્રન્ટ રોડ તરફના નાકા

**<u>વૈકલ્પિક રૂટ ;</u>** વાડજ સ્મશાન ગૃહ કટ તરફથી આશ્રમ રોડ ઇન્કમટેક્ષ, પાલડી ચાર રસ્તા થઇ મહાલક્ષ્મી પાંચ રસ્તા તરફ આશ્રમ રોડનો ઉપયોગ આવ-જા માટે કરી શકાશે.

આ જાહેરનામુ ફાયરબ્રિગેડ, એમ્બ્યુલન્સ સેવાઓ તથા સરકારી વાહનોને કામગીરી દરમ્યાન લાગુ પડશે નહિ તેમજ ઇવેન્ટ સેન્ટરના કાર્યક્રમમાં આવનાર માટે મુકિત રહેશે.

આ જાહેરનામાનો અમલ તા.૨૯/૦૩/૨૦૧૭ના રોજ કલાક ૧૨.૦૦ થી ૨૧.૦૦ સુધીનાં સમયગાળા દરમ્યાન કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી/અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પો.સ.ઇ. સુધીના હોદ્દો ધરાવનાર તમામ